પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩૩ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩, બુધવાર; મહા વદ - ૯/૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

બીબીસીની દિલ્હી-મુંબઈ ઓફિસ પર દરોડા

ડોક્યુમેન્ટરી વિવાદ બાદ સરકારની કડક કાર્યવાહી : ૬૦-૭૦ સભ્યોની ટીમ બીબીસી ઓફિસ પહોંચી

બીબીસી ઓફિસને સીલ કરી દેવામાં આવી છે અને તમામ કર્મચારીઓના ફોન જપ્ત કરવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા.૧૪

બીબીસીની દિલ્હી ઓફિસ પર આવકવેરા વિભાગે દરોડા પાડ્યાના મોટા સમાચાર મળી રહ્યા છે. અહેવાલો અનુસાર, બીબીસી ઓફિસને સીલ કરી દેવામાં આવી છે અને તમામ કર્મચારીઓના ફોન જપ્ત કરવામાં આવ્યા છે. કર્મચારીઓને ઘરે જવા માટે કહેવામાં આવ્યું છે. બીબીસીના લંડન હેડક્વાર્ટરને પણ દરોડા અંગે માહિતી આપવામાં આવી છે.

આજે સવારે દિલ્હી અને મુંબઈમાં બીબીસીની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવકવેરા વિભાગની ટીમ હજુ પણ કચેરીમાં હાજર છે.

અહેવાલ અનુસાર, આવકવેરા વિભાગની ૬૦-૭૦ સભ્યોની ટીમ બીબીસી ઓફિસ પહોંચી અને તપાસ હાથ ધરાઈ છે. ઓફિસમાં આવવા-જવા પર

● અનુસંધાન પાન-૭ પર

પુલવામાના શહીદોના બલિદાનને ક્યારેય નહીં ભૂલી શકાયઃ મોદી

શહીદોને વડાપ્રધાન, રાહુલ ગાંધી સહિતના નેતાઓની શ્રધ્ધાંજલિ

નવી દિલ્હી, તા.૧૪

૧૪ ફેબ્રુઆરીના દિવસે જ ૪ વર્ષ પહેલા જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકવાદી હુમલો થયો હતો. બપોરે લગભગ ૩ઃ વાગ્યે જૈશ-એ-મહોમ્મદના એક આતંકવાદીએ શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે પર સીઆરપીએફના કાફલામાં વિસ્ફોટક લઈને જઈ રહેલા એક વાહનને ટક્કર મારી દીધી હતી. આ હુમલામાં ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ થયેલા આ હુમલા બાદ ભારતે તેનો બદલો લેવા માટે સરહદ પાર આતંકવાદી તાલીમ કેમ્પોને નિશાન બનાવ્યા હતા. ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ્સે બાલાકોટ પર સર્જિકલ એર સ્ટ્રાઈક કરી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુલવામા હુમલાની ચોથી વરસી પર શહીદોને યાદ કર્યા છે. તેમણે કહ્યું કે, અમે આપણા વીર જવાનોને યાદ કરીએ છીએ જેને અમે આ દિવસે પુલવામા હુમલામા ગુમાવી દીધા હતા. અમે તેમના સર્વોચ્ચ બલિદાનને ક્યારેય ભૂલી ન શકીએ. તેમની હિંમત આપણને મજબૂત અને વિકસિત ભારત બનાવવાની પ્રેરણા આપે છે.

કોંગ્રેસના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટ પર પણ પુલવામા હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. કોંગ્રેસનું કહેવું છે કે, પુલવામાં આતંકવાદી હુમલામાં દેશ માટે પોતાના પ્રાણોની આહૂતિ આપનારા શહીદ થયેલા જવાનોને શત શત સલામ. આજે અમે ભારત માતાના બહાદુર સપૂતોને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

ભાજપના કાર્યકરો અને નેતાઓએ પણ શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે. ભાજપના નેતા કપિલ મિશ્રાએ કહ્યું કે, 'કભી ભૂલેંગે નહીં કભી માફ કરેંગે નહીં'. પુલવામા હુમલામાં શહીદ થયેલા આપણા બહાદુર જવાનોને લાખો સલામ. કોંગ્રેસ સાંસદ

● અનુસંધાન પાન-૭ પર

સેન્સેક્સમાં ૬૦૦ પોઈન્ટનો વધારો

મુંબઈ, તા.૧૪

આઈટી, એફએમસીજી, મેટલ સેક્ટરના શેરમાં ખરીદીને કારણે મંગળવારે સ્થાનિક શેરબજાર ઉછાળા સાથે બંધ થયું હતું. બીએસઈ સેન્સેક્સ ૬૦૦.૪૨ પોઈન્ટ એટલે કે ૦.૯૯ ટકાના વધારા સાથે ૬૧,૦૩૨.૨૬ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૧૫૮.૯૫ પોઈન્ટ અથવા ૦.૮૯ ટકાના વધારા સાથે ૧૭,૯૨૯.૮૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો પાવર અને રિયલ એસ્ટેટ સેક્ટર એક-એક ટકાના ઘટાડા સાથે બંધ થયા છે. તે જ સમયે, આઈટી, એફએમસીજી, મેટલ એક-એક ટકા વધીને બંધ થયા છે.

બીએસઈ સેન્સેક્સ પર આઈટીસીનો શેર સૌથી વધુ ૩.૩૧ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨.૩૫ ટકા વધીને બંધ રહ્યો હતો. આ સિવાય બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, એક્સિસ બેંક, વિપ્રો, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, એચડીએફસી બેંક, એસબીઆઈ, એચડીએફસી, ટીસીએસ અને ટાટા સ્ટીલ લીલા નિશાન સાથે બંધ થયા છે. સેન્સેક્સ પર એનટીપીસીનો શેર સૌથી વધુ ૧.૧૦ ટકા ઘટીને બંધ થયો હતો. એ જ રીતે અલ્ટ્રાટેક સિમેન્ટના શેર ૦.૮૦ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૦.૬૬ ટકા, સન ફાર્મા ૦.૫૨ ટકા અને એશિયન પેઈન્ટ્સના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

અમેરિકી ડોલર સામે રૂપિયો નજીવો ઘટીને ૮૨.૭૬ પર બંધ થયો. પાછલા સત્રમાં તે ૮૨.૭૨ના સ્તરે બંધ રહ્યો હતો.

જિયોજીત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વિશ્વના અન્ય બજારોમાં ઉછાળાને કારણે સ્થાનિક શેરબજારો મંગળવારે તેજી સાથે બંધ થયા હતા. જાન્યુઆરીમાં જથ્થાબંધ ફુગાવાનો દર ૪.૭૩ ટકા હતો ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

દરેક પરિવારની ડેટા બેન્ક તૈયાર કરવાની કવાયત

ઉત્તરાખંડમાં ૧૮ વર્ષે મતદાન કાર્ડ સીધા ઘરે પહોંચી જશે

પરિવાર ઓળખપત્રમાં જે પણ ડેટા ઉમેરવામાં આવશે, તેમાં પરિવારની પરવાનગી લેવાશે, દરેક પરિવારને યુનિક ફેમિલી આઈડી આપવામાં આવશે

દહેરાદૂન, તા.૧૪

ઉત્તરાખંડમાં હવે ૧૮ વર્ષની ઉંમર થતા જ મતદાન કાર્ડ ઘરે પહોંચી જશે. હરિયાણાની જેમ તૈયાર થઈ રહેલા પરિવાર ઓળખપત્રની મદદથી આ શક્ય થઈ શકશે. આઈટી વિભાગે પ્રદેશના દરેક પરિવારનો ઓનલાઈન ડેટા બેક તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે. હરિયાણામાં પરિવાર રજિસ્ટરમાં દરેક પરિવારના દરેક સભ્યની સમગ્ર જાણકારી છે. કોઈ પરિવારને કોઈ સરકારી યોજનાનો લાભ મળી રહ્યો હોય તો તેની સમગ્ર જાણકારી પણ અપડેટ છે. ઉત્તરાખંડમાં પણ સરકારે આ રીતે પરિવાર ઓળખપત્ર બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. આઈટી વિભાગ સમગ્ર પ્રદેશના દરેક પરિવારની ઓનલાઈન ડેટા બેક તૈયાર કરી રહ્યુ છે. પરિવાર ઓળખપત્રમાં જે પણ ડેટા ઉમેરવામાં આવશે, તેમાં પરિવારની પરવાનગી લેવામાં આવશે. દરેક પરિવારને યુનિક ફેમિલી આઈડી આપવામાં આવશે. ઓટોમેટિક અપડેશન માટે ફેમિલી આઈડીને જન્મ, મૃત્યુ અને વિવાહ રેકોર્ડ સાથે જોડવામાં આવશે. ત્રણેયમાંથી કોઈનું પણ રજિસ્ટ્રેશન થવા પર જાણકારી ફેમિલી આઈડીમાં અપડેટ થઈ જશે. ફેમિલી આડીમાં સ્કોલરશિપ, સબસિડી અને પેન્શન જેવી યોજનાઓની જાણકારી પણ અપડેટ થશે. પરિવાર ઓળખપત્રનો ડેટા સરકારી યોજનાઓમાં પાત્રતા નક્કી કરવા માટે ઉપયોગ કરવામાં આવશે. આના માધ્યમથી યોજનાઓનો લાભ પ્રાપ્ત કરવા માટે લાભાર્થીઓની સ્વ-પસંદગી થશે. એકવાર ડેટાબેઝ બન્યા બાદ પરિવારોને સરકારી યોજનાઓ હેઠળ લાભ પ્રાપ્ત કરવા માટે અરજી કરવાની જરૂર નથી. આ સિવાયુ ડેટા પ્રમાણિત અને સત્યાપિત થયા બાદ કોઈ અન્ય દસ્તાવેજ જમા કરવાની જરૂર રહેશે નહીં.

હુમલાનું કાવતરું ઘડતો વીડિયો વાયરલ થયો હતો

કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયની હત્યાનું ષડયંત્ર નિષ્ફળ : એક જબ્બે

હાજીપુરમાં બાબા પાતાળેશ્વર નાથ મંદિરથી નીકળનારી નિત્યાનંદ રાય પર હુમલો કરવાની તૈયારી કરવામાં આવી રહી હતી

હાજીપુર, તા.૧૪

હાજીપુર પોલીસે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયની હત્યાના મોટા ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. હુમલાનું કાવતરું ઘડતો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે યુવકની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મહાશિવરાત્રીના અવસર પર હાજીપુર સ્થિત બાબા પાતાળેશ્વર નાથ મંદિરથી નીકળનારી શોભાયાત્રામાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય પર હુમલો કરવાની તૈયારી કરવામાં આવી રહી હતી.દર વર્ષે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય પોતે હાજીપુરના બાબા પાતાળેશ્વર નાથ મંદિરથી નીકળતી શિવ બારાતમાં સામેલ થાય છે. બાબા ભોલેનાથને બળદગાડા પર સવારી કરાવીને નિત્યાનંદ ગાડાવાળા બને છે. સરઘસમાં લાખોની ભીડ એકઠી થાય છે. ભક્તો વચ્ચે લગભગ પાંચ કિલોમીટરનું અંતર નક્કી કરવામાં આવે છે. આ વખતે શિવ બારાતમાં નિત્યાનંદ રાયનો ભાગ લેવાનો કાર્યક્રમ નક્કી હતો. આ દરમિયાન બદમાશોની તેમના પર હુમલો કરવાની તૈયારી હતી.વાયરલ થયેલા વીડિયોમાં પકડાયેલ યુવક શોભાયાત્રા દરમિયાન કેન્દ્રીય મંત્રી નિત્યાનંદને ગોળી મારીને મોતને ઘાટ ઉતારવાની વાત કરતો જોવા મળ્યો હતો. આ વાયરલ વીડિયોમાં કેટલાક યુવકો બેસીને એકબીજા સાથે વાત કરતા જોવા મળી રહ્યા છે.

ત્યારે જ એક યુવક નિત્યાનંદની સોપારી લેવાનું કહે છે. તે કહે છે કે, ત્રણ વર્ષથી શિવરાત્રિ પહેલા તેને સપનું આવે છે કે, તેણે નિત્યાનંદ રાયની હત્યા કરી નાખી છે. તે બળદ પર જઈ રહ્યો છે અને અમે ગોળીબાર કર્યો છે.વૈશાલી પોલીસે આ અંગે એક અખબારી યાદી બહાર પાડી જણાવ્યું હતું કે પોલીસને વોટ્સએપ પર એક વીડિયો મળ્યો હતો. જેમાં એક યુવક કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રીને સંબોધિત કરતી વખતે અભદ્ર અને વાંધાજનક ટિપ્પણી કરી રહ્યો હતો અને તેમના પર હુમલાની વાત કરી રહ્યો હતો.

આરોપીનું નામ માધવ કુમાર ઝા છે. માહિતી મળતાની સાથે જ વૈશાલી પોલીસ અધિક્ષક દ્વારા એક વિશેષ ટીમની રચના કરવામાં આવી હતી. ઝડપી કાર્યવાહી કરીને આરોપી યુવકની ધરપકડ કરી લેવામાં આવી છે.

મોદીએ ફ્રાંસના રાષ્ટ્રપતિને અભિનંદન આપ્યા

૨૫૦ એરક્રાફ્ટ માટે ટાટા એરબસ વચ્ચે ઐતિહાસિક ડીલ

એર ઈન્ડિયા માટે ૨૫૦ વિમાન ખરીદવા પ્લાન બનાવ્યો : ૪૦ મોટા આકારના વિમાન સામેલ થશે

નવી દિલ્હી, તા.૧૪

ટાટા જૂથે મંગળવારે તેની એરલાઈન એર ઈન્ડિયા માટે ૨૫૦ એરક્રાફ્ટ ખરીદવા માટે ફ્રેન્ચ કંપની એરબસ સાથે સોદો કર્યો છે. બંને કંપનીઓ વચ્ચેની આ ડીલ અત્યાર સુધીની સૌથી મોટી ડીલ કહેવાય છે. આ ડીલ હેઠળ, ટાટા ગ્રુપની માલિકીની એરલાઈન એરબસ પાસેથી ૪૦ મોટા આકારના કે છ૩૫૦ અને ૨૧૦ નાના આકારના એરક્રાફ્ટ ખરીદશે.આ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ વીડિયો કોન્ફરન્સ દ્વારા એર ઈન્ડિયા-એરબસ ભાગીદારીના લોન્ચિંગમાં હાજરી આપી હતી. આ દરમિયાન પીએમ મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનને આ મોટી ડીલ માટે અભિનંદન પાઠવ્યા હતા. તે જ સમયે, મેક્રોને વડા પ્રધાનને પ્રિય નરેન્દ્ર તરીકે સંબોધ્યા અને આ નવી ભાગીદારીના આમંત્રણ માટે તેમનો આભાર માન્યો.

આ વીડિયો કોન્ફરન્સમાં પીએમ મોદીએ કહ્યું, 'ઐતિહાસિક કરાર માટે એર ઈન્ડિયા અને એર બસને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ. આ મહત્વપૂર્ણ સોદો ભારત અને ફ્રાન્સ વચ્ચેના ગાઢ સંબંધો તેમજ ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રની સફળતાઓ અને આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા અને સ્થિરતાનો મુદ્દો હોય કે પછી વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને આરોગ્ય સુરક્ષા, ભારત અને ફ્રાન્સ સાથે મળીને સકારાત્મક યોગદાન આપી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું, "ભારતના 'મેક ઈન ઈન્ડિયા - મેક ફોર ધ વર્લ્ડ' વિઝન હેઠળ એરોસ્પેસ મેન્યુફેક્ચરિંગમાં ઘણી નવી તકો ખુલી રહી છે. એરબસ સાથે સારા સંબંધ બાંધ્યા છે. આજે મને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે અમે એરબસ પાસેથી

● અનુસંધાન પાન-૭ પર

જજોની નિમણૂક-ટ્રાન્સફરને લઈને સુપ્રીમની ટકોર

ન્યાયાધીશોની નિમણૂકને લઈને સરકારના વલણથી સુપ્રીમ ચિંતિત

કેન્દ્ર ન્યાયાધીશોની બદલી અને નિમણૂકના મામલે ભેદભાવ કરે છે, અમે પણ આ અંગે ચિંતિત છીએઃ પ્રશાંત ભૂષણ

નવી દિલ્હી, તા.૧૪

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું કે, તે ન્યાયાધીશોની નિમણૂકને લઈને સરકારના વલણથી ચિંતિત છે. કોર્ટે કહ્યું કે જજોની નિમણૂક અને ટ્રાન્સફરને લઈને કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવી રહેલું વલણ ચિંતાનું કારણ બની ગયું છે. જસ્ટિસ સંજય કિશન કૌલ, મનોજ મિશ્રા અને અરવિંદ કુમારની બેંચે એટર્ની જનરલ કેઆર વેંકટરામણીની અનુપલબ્ધતાને કારણે બે અરજીઓ પર સુનાવણી ૨ માર્ચ સુધી મુલતવી રાખી હતી.

કોર્ટે કહ્યું કે, કેટલાક મામલા અંગે ચિંતા છે. બીજી તરફ અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું કે, કેન્દ્ર ન્યાયાધીશોની બદલી અને નિમણૂકના મામલે ભેદભાવ કરે છે. અમે પણ આ અંગે ચિંતિત છીએ. બીજી તરફ કેન્દ્ર તરફથી હાજર રહેલા વકીલે એટર્ની જનરલની ગેરહાજરીને કારણે મામલો સ્થગિત કરવાની માંગ કરી હતી.

એડવોકેટ એસોસિએશન બેંગ્લુરુએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતુ કે, કેન્દ્ર કોલેજિયમ દ્વારા મોકલવામાં આવેલા નામોને મંજૂરી આપવામાં બિનજરૂરી વિલંબ કરી રહ્યું છે. પ્રશાંત ભૂષણની દલીલ પર

● અનુસંધાન પાન-૭ પર

પ્રિયંકા ચોપરાએ તૂર્કી-સીરિયાના ભૂકંપગ્રસ્તોને મદદની અપીલ કરી

ઈન્સ્ટાગ્રામ પર તુર્કી અને સીરિયામાં ચાલી રહેલા રેસ્ક્યુ ઓપરેશન દરમિયાનનો વીડિયો શેર કર્યો

અંકારા, તા.૧૪

તુર્કી અને સીરિયામાં આવેલા ભૂકંપ બાદથી જ બંને દેશોમાં તબાહી મચેલી છે. આ ભૂકંપમાં અત્યાર સુધી ૩૬ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, તો અમુક હજુ પણ કાટમાળમાં ફસાયેલા છે. નાગરિકોને બચાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે અને દરમિયાન સમગ્ર દુનિયાની નજર તુર્કી અને સીરિયાના લોકો પર છે. કુદરતની આ ઘટનાથી થયેલી તબાહીને જોઈ રૂંવાડા ઊભા થઈ જાય છે જેની મુદ્દે એક્ટ્રેસ પ્રિયંકા ચોપરાએ પણ દુઃખ વ્યક્ત કરી મદદની અપીલ કરી છે.

પ્રિયંકા ચોપરાએ ઈન્સ્ટાગ્રામ પર તુર્કી અને સીરિયામાં ચાલી

● અનુસંધાન પાન-૭ પર

પુણે-નાસિક હાઈવે પર ભયંકર અકસ્માતમાં ચાર મહિલાના મોત

મહિલાઓ પુણે શહેરમાંથી ખાવાનું બનાવીને ખેડ તાલુકાના શિરોલીમાં આવેલ મંગળ પ્રસંગમાં જઈ રહી હતી તે વખતે અકસ્માત સર્જાયો

મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્રના પુણે-નાસિક હાઈવે પર એક રોડ દુર્ઘટનાના સમાચાર આવી રહ્યા છે. એક વૈને ૧૭ મહિલાઓને કચડી નાખી છે, જેમાં ૩ મહિલાના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે. વૈન દ્વારા કચડી નાખતા ૧૪ મહિલાઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ છે. કહેવાય છે કે, આ તમામ મહિલાઓ પુણે શહેરમાંથી ખાવાનું બનાવીને ખેડ તાલુકાના શિરોલીમાં આવેલ મંગળ પ્રસંગમાં જઈ રહી હતી. આ મહિલાઓ રાતના સમયે હાઈવે પસાર કરી રહી હતી. આ દુર્ઘટના રાતના લગભગ ૧૧ કલાકે પુણેથી નાસિક જતી લેન પર થયો હતો. રસ્તો પસાર કરતી વખતે એક વાને આ મહિલાઓને ટક્કર મારી હતી. મહિલાઓને કચડ્યા બાદ વાહન ચાલક ડિવાઈડર તોડીને વાન લઈને ફરાર થઈ ગયો હતો. પોલીસ આ મામલે આગળ તપાસ કરી રહી છે.

જાન્યુઆરી મહિનાના અંતિમ દિવસે મહારાષ્ટ્રના પાલઘરમાં એક ભયંકર રોડ દુર્ઘટનામાં ૪ લોકોના મોત થઈ ગયા હતા. આ ભીષણ અકસ્માત પાલઘર જિલ્લાના દહાનૂ એરિયામાં મુંબઈ-અમદાવાદ હાઈવે પર થયો હતો. મહારાષ્ટ્રના પુણે-નાસિક હાઈવે પર એક રોડ દુર્ઘટનાના સમાચાર આવી રહ્યા છે. એક વૈને ૧૭ મહિલાઓને કચડી નાખી છે, જેમાં ૩ મહિલાના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે. વૈન દ્વારા કચડી નાખતા ૧૪ મહિલાઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ છે.